PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧/કવા-૦૩/૧૭-૧૮/ 9950 તા. 23-11-17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
રામુબેન નથુભાઈ વાઘેલા,
ચામુંડા પ્લોટ,
જોડીયા રોડ,
ધ્રોલ
મો: ૯૮૭૯૮ ૯૭૯૦૩

**વિષય :-નડતરરૂપ ઝાડ ને કાપી અને પાવર સપ્લાય ચાલુ કરવા બાબત**
**સંદર્ભ:- આપની અરજી , તા. ૨૮-૦૯-૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૧/કવા-૦૩/૧૭-૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૧/ક્વા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૮–૧૧–૧૭ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રામુબેન નથુભાઈ વાઘેલા, ગામ: ધ્રોલ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ચાવડા રમેશભાઈ ડાયાભાઈ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વિભાગીય કચેરી, ધ્રોલ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એન.પી.શાહ (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

## : હુકમ :

ફરીયાદ : નડતરરૂપ ઝાડ ને કાપી અને પાવર સપ્લાય ચાલુ કરવા બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧. | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની માલીકી તેમજ ભોગવટા હેઠળ ની ધ્રોલ તાલુકાના માવાપર ગામના રે. સર્વે નંબર: ૧૪૮ / પૈકી ૮ / પૈકી ૨ મા – તેઓ ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે. ચોમાસાની સીઝન દરમ્યાન અતિશય વરસાદ આવતા – તેઓના પડોશી શ્રી ચના અરજણભાઈ ના શેઢા પાસે નુ નીલગીરી નુ ઝાડ પડતા, તેઓના સદર જોડાણ ને પાવર સપ્લાય આશરે પોણા બે માસ થી બંધ થયેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે – શહેર પેટા વિભાગીય કચેરી ધ્રોલ હેઠળ ના માવાપર ગામના રે. સર્વે નંબર: ૧૪૮ / પૈકી ૮ / પૈકી ૨ શ્રી રામુબેન નથુભાઈ વાઘેલા ના નામનુ ખેતીવાડી વીજજોડાણ આવેલ છે. ચોમાસાની સીઝન દરમ્યાન વરસાદ તેમજ પવન ના કારણોસર પડોશી શ્રી ચનાભાઈ અરજણભાઈ ની જમીન ના શેઢા ઉપર નીલગીરી ના ઝાડની ડાળીઓ તુટીને ૧૧ કેવી વીજલાઈન ના વાયરો પર પડતા, ૧૧ કેવી વીજલાઈન નો પાવર સપ્લાય બંધ કરવાની ફરજ પડેલ હતી. સદર બાબતે – શ્રી ચનાભાઈ અરજણભાઈ ને વીજલાઈન ને નડતરરૂપ નીલગીરી ના ઝાડની ડાળીઓ કાપવા બાબતે સમજાવેલ હતા. પરંતુ, સદર બાબતે વાંધો લેતાં ફરીયાદી અરજદાર ના ખેતીવાડી વીજજોડાણ નો વીજપુરવઠો પૂર્વરત કરી શકાયેલ ન હતો ત્યારબાદ, ફરીથી સદર બાબતે શ્રી ચનાભાઈ અરજણભાઈ ને સમજાવતા – સદર વીજલાઈન ને નડતરરૂપ નીલગીરી ના ઝાડની ડાળીઓ કાપી અને – વીજવાયર મા પીવીસી ના પાઈપ લગાવી તા.૧૦–૧૦–૧૭ ના રોજ વીજપુરવઠો પૂનઃ ચાલુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ સંતોષકારક કામગીરી કરી આપતા તા.૧૦–૧૦–૧૭ ના રોજ અરજદાર શ્રી એ લેખીત સંમતીપત્ર આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતો મા જણાવ્યા મુજબ – અરજદાર શ્રી ના પડોશી શ્રી ચનાભાઈ અરજણભાઈ સાથે પીજીવીસીએલ દ્વારા સમાધાન થતા – શ્રી ચનાભાઈ અરજણભાઈ ના ખેતર ના શેઢે આવેલ ૧૧ કેવી વીજલાઈન ને નડતરરૂપ નીલગીરી ના ઝાડની ડાળીઓ કાપી અને વીજવાયર મા પીવીસી ના પાઈપ લગાવી તા.૧૦–૧૦–૧૭ ના રોજ શ્રી રામુબેન નથુભાઈ વાઘેલા ના નામના ખેતીવાડી વીજજોડાણ નો વીજપુરવઠો પૂનઃ ચાલુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ સંતોષકારક કામગીરી કરી આપતા તા.૧૦–૧૦–૧૭ ના રોજ અરજદાર શ્રી એ લેખીત સંમતીપત્ર આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે બાબત ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, શ્રી રામુબેન નથુભાઈ વાઘેલા ના નામના ખેતીવાડી વીજજોડાણ નો વીજપુરવઠો તા.૧૦–૧૦–૧૭ ના રોજ પૂનઃ ચાલુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ સંતોષકારક કામગીરી કરી આપતા તા.૧૦–૧૦–૧૭ ના રોજ અરજદાર શ્રી એ લેખીત સંમતીપત્ર આપેલ છે. જે બાબત ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ:** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.